શહેરમાં દિવસના ઉકળાટ બાદ સાંજે વરસાદી છાંટણા પડયા

બે દિવસ ભારે વરસાદની આગાહી વચ્ચે નગરજનોમાં મેઘરાજા ધોધમાર વરસે તેવી આશ : શહેરમાં સિઝનનો અત્યાર સુધી માંડ સાત ઇંચ વરસાદ

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરમાં ચોમાસાની શરૂઆતથી જ મેઘરાજાનો મિજાજ મંદ જોવા મળે છે. રાજયના વિવિધ વિસ્તારમાં જળબંબાકારની સ્થિતના અંતે પણ શહેરમાં એકધારો એક ઇંચ વરસાદ પણ પડયો નથી અત્યાર સુધી શહેરમાં સિઝનનો માંડ સાત ઇંચ વરસાદ વરસ્યો છે. હવામાન તજજ્ઞોના મતે શહેરમાં ગાંધીનગર અમદાવાદ સહીત ઉત્તર ગુજરાતના વિસ્તારમાં બે દિવસ અતિભારે વરસાદ પડવાની સંભાવના છે. જયારે આજે પણ દિવસ દરમિયાન વાતાવરણમાં ઉઘાડ રહ્યો હતો જો કે સાંજના સમયે અચાનક જ વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. આકાશમાં ઘેરાયેલા વરસાદી વાદળો વચ્ચે છાંટણા વરસતા ભીંજારાનો માહોલ સર્જાયો હતો. વરસાદની ગેરહાજરી વચ્ચે નગરજનો ઉકળાટનો અનુભવ કરી રહ્યા છે.

ગાંધીનગરમાં હજુ સુધી સિઝનનો માંડ ૭ ઇંચ જેટલો જ વરસાદ થયો છે. છેલ્લા બે દિવસથી વરસાદી વાદળોની અવરજવર વચ્ચે વાદળિયુ વાતાવરણ જોવા મળે છે પરંતુ વરસાદ વરસતો નથી. આજે પણ સવારથી વાદળિયુ વાતાવરણ છવાયેલુ રહ્યુ હતુ જો કે બપોર દરમિયાન ઉઘાડ નિકળ્યો હતો. પરંતુ સાંજ ઢળતા આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાઇ આવ્યા હતા. વાતાવરણ પલ્ટાના અંતે વરસાદની આશ પ્રબળ બની હતી. જો કે શહેરના જુના સેકટરોમાં હળવા વરસાદી ઝાપટાના અંતે ભીંજારાનો માહોલ છવાયો હતો જયારે નવા સેકટરોમાં પણ ઝરમરિયા છાંટણા પડયા હતા. શહેરમાં રોજ વરસાદી સાંજનો નઝારો નિખરે છે પરંતુ મેઘરાજા મન મુકીને વરસતા નથી રાજયના વિવિધ શહેરોમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીના અંતે સિઝનનો પર્યાપ્ત વરસાદ પણ થઇ ગયો છે. ધોધમાર વરસાદના લીધે ચોમેર જળબંબાકારની સ્થિતિ પણ જોવા મળી રહી છે હવામાન તજજ્ઞોના મતે ગાંધીનગર અમદાવાદ સહીત ઉત્તર ગુજરાતના વિસ્તારમાં તા ૨૩ અને ૨૪ મેઘરાજા ભરપુર વરશે તેવી સંભાવના છે જો કે ૨૩ મી સાંજે વાતાવરણમાં પલ્ટાના અંતે અચાનક જ વરસાદી વાદળો ઘેરાઇ આવતા વરસાદની આશ પ્રબળ બની હતી પરંતુ મોડી સાંજ સુધી મેઘરાજા ધોધમાર વરસ્યા ન હતા.

આજે દિવસ દરમિયાન વાતાવરણ ચોખ્ખુ રહ્યુ હતુ જયારે વરસાદની ગેરહાજરી વચ્ચે નગરજનોએ પણ અસહ્ય ઉકળાટ અનુભવ્યો હતો એકબાજુ વરસાદ વરસશે તેની આશ વચ્ચે આખો દિવસ ઉકળાટ વેઠતા નગરજનોને સાંજના વાતાવરણ પલ્ટા બાદ પણ નિરાશા સાંપડી હતી. શહેરમાં છેલ્લા બે દિવસથી વરસાદે દેખા દીધી નથી જયારે હવામાન તજજ્ઞોએ તા ૨૪ મી એ પણ અતિભારે વરસાદની આગાહી કરી છે ત્યારે ધોધમાર વરસાદ આવશે તેવી આશ સાથે નગરજનોની નજર નભ તરફ મંડરાઇ છે. અત્યાર સુધી શહેરમાં સિઝનનો માંડ ૭ ઇંચ વરસાદ થયો છે. જયારે ચોમાસાની સિઝન દરમિયાન છેલ્લા સવા મહીનામાં એકધારો એક ઇંચ વરસાદ પણ શહેરમાં પડયો નથી. અલબત્ત મેઘરાજાનો મિજાજ વરસાદી દિવસોની શરૂઆતથી જ અત્યંત મંદ હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે.

કોરોનાનું રૌદ્ર સ્વરૂપ : શહેર-જિલ્લામાં સતત બીજા દિવસે ૭૯ કેસ

શહેરમાં ૩૪ અને ગ્રામ્યમાં ૪૫ કેસ નોંધાયા : જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામમાં ૮ કેસ, ગાંધીનગરમાં ૨૦, માણસામાં ૨, કલોલમાં ૧૫ કેસ નોંધાયા : શહેરમાં આજે રાંધેજા તેમજ સે. ૨ માં ૫-૫ કેસ, વાવોલ, સે. ૪, સે. ૨૯ માં ૩-૩ કેસ, કુડાસણ તેમજ સે. ૨૨ માં ૨-૨ કેસ ઉપરાંત પેથાપુર, આઈઆઈટી, સરગાસણ, રાંદેસણ, રાયસણ, સે. ૨૧, સે. ૧, સે. ૫, ૨૩, ૩ અને ૩૦ માંથી કેસ મળી આવેલ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનાએ તેનુ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યુ છે. સતત બીજે દિવસે પણ શહેર-જિલ્લામાં ૭૯ કેસ નોંધાયા છે. બે જ દિવસમાં શહેર-જિલ્લામાં ૧૫૦ કરતાં વધુ કેસ નોંધાતા તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનું લોકલ ટ્રાન્સમિશન ખુબ જ વિસ્તરી ચુક્યુ હોવાથી હવે તંત્ર પણ હચમચી જવા પામ્યુ છે. સતત વિસ્તરી રહેલા કોરોનાને લઈ તંત્રની દોડધામ પણ વધી જવા પામી છે.

કોરોનાના જીનોપ સિકવોન્સ ઓળખવા માટે મોકલેલા સેમ્પલોના પરિણામ હજુ આવ્યા નથી. જો કે તંત્ર હાલ વેક્સિનેશન અભિયાન સઘન બનાવી અને લોકોને રક્ષિત કરવા પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. સર્વેલન્સ સઘન બનાવવા ઉપરાંત ટેસ્ટીંગના પ્રમાણમાં પણ વધારો કર્યો છે.

કોરોનાના હળવા લક્ષણો દેખાયા હોવાથી લોકો હોમ આઈસોલેશનનો વિકલ્પ વધુ પસંદ કરી રહ્યા છે. મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી કડક રીતે કરવાની સાથે દર્દીઓનું મોનીટરીંગ પણ સઘન કરવાની સૂચનાઓ આપી છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૩૪ અને ગ્રામ્ય વિસ્તારમાં નવા ૪૫ કેસ નોંધાયા છે. શહેર-જિલ્લામાં કોરોનાનો પોઝીટીવીટી રેટ ૪ ટકાની આસપાસ સ્થિર થયો છે. જે રીતે સંક્રમણ વધી રહ્યુ છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

કોરોના ગાઈડલાઈનના પાલન માટે લોકોની બેદરકારીને લઈ પણ તંત્રની ચિંતા વધી છે એટલુ જ નહિ ગાંધીનગર સ્થિત સરકારી કચેરીઓમાં હેન્ડ સેનેટાઈઝેશન માટે મુકવામાં આવેલા મશીનો પુનઃ કાર્યરત કરવામાં આવે તેવા પગલાં લેવા માટે વડાઓને પત્ર લખવાની વિચારણા હાથ ધરવામાં આવી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામમાં ૮ કેસ, ગાંધીનગરમાં ૨૦, માણસામાં ૨, કલોલમાં ૧૫ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૮ મહિલા દર્દી તેમજ ૬૦થી વધુ વય ધરાવતા ૧૦ દર્દીઓ સંક્રમિતોની યાદીમાં છે. દહેગામ તાલુકાના રખિયાલમાં ૮ વર્ષની દિકરી પણ સંક્રમિતોની યાદીમાં છે.

આજે નોંધાયેલા કેસોમાં ૮ વિદ્યાર્થી, ગ્રામીણ વિસ્તારના નાના વેપારીઓ તેમજ શ્રમિકો હવે કોરોનાની ઝપટમાં આવી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

દહેગામ તાલુકામાં આજે સાણોદા ગામેથી ૩, દહેગામ અર્બન એરિયામાંથી ૨, રખિયાલમાંથી ૨ તેમજ ચેખલાપગી ગામેથી એક કેસ મળી આવેલ છે. દહેગામના ગ્રામ્ય વિસ્તારમાં કેસો વધી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર તાલુકાના છાલા ગામેથી આજે કોરોનાના વધુ ૬ કેસ મળ્યા છે. અડાલજ પછી છાલા પણ કોરના માટે હોટસ્પોટ બની ઉભરી રહ્યુ છે. ગિફ્ટસીટી વિસ્તારમાંથી ૩, સોનારડા ગામેથી ૩ તેમજ અડાલજમાંથી ૨ કેસ મળવા ઉપરાંત માધવગઢ, સાદરા, ચંદ્રાલા, રૂપાલ, ગિયોડ અને સોનીપુર ખાતેથી પણ કેસો મળી આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

૧૩ દિવસમાં જિલ્લામાં ગાંધીનગર તાલુકા સિવાય ચોમાસુ જામી ગયુ

૧૩ દિવસમાં જિલ્લામાં સરેરાશ ૧૪૧ મી.મી. વરસાદ નોંધાયો : ગાંધીનગરમાં સૌથી ઓછો વરસાદ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં આ વર્ષે છેલ્લા ત્રણ જ દિવસમાં સરેરાશ ૧૪૧ મી.મી. જેટલો વરસાદ નોંધાતાં સમગ્ર જિલ્લામાં ચોમાસુ રંગ જમાવી રહ્યુ છે. જિલ્લામાં ગાંધીનગર તાલુકો એક માત્ર એવો તાલુકો છે જ્યાં ઓછો વરસાદ નોંધાયો છે.

૧૦મી જુલાઈના રોજ જિલ્લામાં સવારે ૬ વાગ્યા સુધીમાં સરેરાશ ૯૦ મી.મી. વરસાદ નોંધાયો હતો. જેમાં માણસામાં સૌથી વધુ ૧૨૧ મી.મી., દહેગામમાં ૯૨ મી.મી., ગાંધીનગરમાં ૬૯ મી.મી. અને કલોલમાં ૭૬ મી.મી. વરસાદ નોંધાયો હતો ત્યારે સૌના જીવ તાળવે ચોંટ્યા હતા.

આ પછી આજ સવારના ૬ વાગ્યા સુધીમાં જિલ્લામાં સરેરાશ ૨૩૧ મી.મી. વરસાદ નોંધાયો છે. જેમાં ગાંધીનગરમાં ૧૪૬ મી.મી., કલોલમાં ૨૫૦ મી.મી., દહેગામ અને માણસામાં ૨૬૩-૨૬૩ મી.મી. વરસાદ નોંધાયો છે.

૧૦મી જુલાઈના રોજ જિલ્લામાં એક પણ તાલુકામાં વાવણીલાયક વરસાદ ન હતો. જ્યારે આજે ૨૩મી જુલાઈના રોજ જિલ્લામાં વાવણીલાક વરસાદ સાથે વાતાવરણમાં પણ બદલાવ જોવા મળી રહ્યો છે. જિલ્લાની જમીનમાં જે ભેજ જોવા મળતો ન હતો તેના બદલે આજે સારો ભેજ જોવા મળી રહ્યો છે. જમીનમાં ભેજ વધતાં જ તેની અસરો પાકના ઉગાવા પર જોવા મળશે.

ટકાવારીના સાપેક્ષમાં જોઈએ તો જિલ્લામાં શનિવાર સવારના ૬ વાગ્યા સુધીમાં ૩૦.૩૩ ટકા ચોમાસાના સરેરાશ વરસાદ સામે વરસાદ થઈ ચુક્યો છે. દહેગામમાં ૩૩.૩૦ ટકા, ગાંધીનગરમાં ૨૦.૫૩ ટકા, કલોલમાં ૩૧.૮૬ ટકા, માણસામાં ૩૩.૨૧ ટકા વરસાદ થઈ ગયો છે.

૧૦મી જુલાઈના સાપેક્ષમાં ટકાવારી જોઈએ તો જિલ્લામાં સરેરાશ ૧૧.૮૪ ટકા વરસાદ નોંધાયો હતો. દહેગામમાં ૧૧.૮૬ ટકા, ગાંધીનગરમાં ૯.૭૦ ટકા, કલોલમાં ૯.૯૫ ટકા અને માણસામાં ૧૫.૨૮ ટકા વરસાદ નોંધાયો હતો.

૧૩ દિવસના આ સમયગાળામાં જિલ્લામાં સૌથી

● અનુસંધાન પાન-૭ પર

સાંજે ચાર વાગ્યા પછી ત્રણ તાલુકામાં હળવા ઝાપટા નોંધાયા

ગાંધીનગર જિલ્લામાં આજે દિવસ દરમ્યાન હળવા વરસાદી ઝાપટા નોંધાયા છે. સાંજે ૪ વાગ્યા પછી જિલ્લાના ત્રણ તાલુકામાં હળવો વરસાદ નોંધાયો છે.

કલોલમાં ૧૫ મી.મી., ગાંધીનગરમાં અને દહેગામમાં ૧-૧ મી.મી. વરસાદ રાત્રીના ૮ વાગ્યા સુધીમાં નોંધાયો છે.

જિલ્લામાં હળવો વરસાદ થઈ રહ્યો છે જો કે ખરીફ વાવણીમાં વેગ આવ્યો છે. ધીમી ધારના વસાદને કારણે જમીનમાં ભેજ જરૂર વધ્યો છે.

ભેજવાળુ વાતાવરણ સતત તેમજ વાદળછાયુ વાતાવરણ હોવાથી વાહકજન્ય રોગચાળો વકરવાનો ભય પણ ઉભો થયો છે. મચ્છરોની ડેન્સીટીમાં વધારો જોવા મળી રહ્યો છે.

ગાંધીનગરે ઓઢી લીલી ચાદર

વરસાદ બાદ શહેરમાં ઠેર ઠેર ઘાસ ઉગી નીકળતા કોઈ હીલસ્ટેશનમાં આવી ગયા હોઈએ એવો અનુભવ થાય છે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં ઠેર ઠેર હાલમાં આંખો ઠરે તેવુ સૌંદર્ય જોવા મળી રહ્યુ છે. શહેરે જાણે લીલી ચાદર ઓઢી લીધી હોય તેવુ લાગે છે. જાણે કોઈ હીલસ્ટેશનમાં ફરતા હોઈએ એવુ લાગે છે.

ગાંધીનગર આજકાલ તેની ગ્રીનસીટીની વ્યાખ્યાને એકદમ સાર્થક કરી રહ્યુ છે. શહેરમાં ઠેર ઠેર લીલુ ઘાસ ઉગી ગયુ છે. પ્રથમ વરસાદ બાદ ખુલ્લા મેદાનો એકદમ લીલાછમ્મ બની ગયા છે. સરીતા ઉદ્યાનવાળો 'જ' રોડ અને પોલીસભવનવાળો 'છ' રોડ વનરાજીથી ખીલી ઉઠ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

શાળાઓમાં એકમ કસોટી નહીં પરંતુ પ્રશ્ન બેંક આધારિત મુલ્યાંકન કરાશે

પુસ્તક આધારિત પ્રશ્નબેંક તૈયાર કરવાની વાતો વચ્ચે નવા શૈક્ષણિક વર્ષના દોઢ મહીનાના અંતે પણ શાળાઓમાં વિવિધ વિષયના પુસ્તકો પણ હજુ મળ્યા નથી

ગાંધીનગર તા ૨૩

નવા શૈક્ષણિક સત્રના પ્રારંભ બાદ દોઢ મહીનાના અંતે પણ નગરની ઘણી શાળાઓમાં પુરતા પુસ્તકો પહોંચ્યા નથી જેના લીધે વિદ્યાર્થીઓને પણ પરેશાની ભોગવવી પડે છે. એકબાજુ પુસ્તકોનો અભાવ છે. બીજીતરફ વિદ્યાર્થીઓની એકમ કસોટી માટે પણ જાહેરાત કરી દેવાયા બાદ તુરંત જ એકમ કસોટી રદ કરી દેવામાં આવી છે. જયારે હવે બોર્ડ કક્ષાએથી શાળાને પ્રશ્ન બેંક મોકલવામાં આવશે જેના આધારે શાળા વિદ્યાર્થીઓનુ મુલ્યાંકન કરતો ડેટા તૈયાર કરશે અલબત્ત નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે જ શિક્ષણ તંત્ર ગોથે ચઢયુ છે. કોરોના કાળ બાદ લાંબા સમયના અંતે શાળાઓમાં વિદ્યાર્થીઓની કોલાહલ ગુંજતી થઈ છે ત્યારે નવા શૈક્ષણિક સત્રના પ્રારંભ બાદ પણ શાળાઓને પુસ્તકો પહોંચાડવામાં પણ શિક્ષણ વિભાગની નિરસતા છતી થઈ છે.

કોરોના કાળમાં બે વર્ષના અંતે શાળાઓમાં ધમધમાટ જોવા મળે છે. અલબત્ત લાંબા સમય સુધી ઓનલાઈન શિક્ષણને આશ્રિત વિદ્યાર્થીઓએ હવે ચલો સ્કુલ ચલે હમ નો અભિગમ અપનાવ્યો છે. નગરની શાળાઓમાં શિક્ષણકાર્યથી અગાઉની જેમ જ ધમધમતી થઈ છે. જયારે નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે વિદ્યાર્થીઓ અને વાલીઓને મુંઝવતા પ્રશ્નો પણ હજુ યથાવત છે. ત્યારે નવા શૈક્ષણિક સત્રના પ્રારંભ બાદ દોઢ મહીનાના અંતે નગરની ઘણી ખરી શાળાઓમાં વિવિધ વિષયના પુરતા પુસ્તકો પણ ઉપલબ્ધ નથી શાળાઓમાં પુરતા પુસ્તકો ન મળતા શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓએ પણ મુંઝવણમાં મુકાવાનો વારો આવ્યો છે. આ મામલે પણ અનેકવાર રજુઆત કરવા છતા હજુ સુધી શાળાઓમાં પુસ્તકો પહોંચતા કરાયા નથી જયારે શિક્ષણ બોર્ડ દ્વારા ધો - ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે એકમ કસોટીનુ આયોજન કરવામાં આવ્યા બાદ હવે આ નિર્ણયમાં ફેરફાર કરીને એકમ કસોટી પણ રદ કરવામાં આવી છે. જેની સામે હવે બોર્ડ કક્ષાએથી શાળાઓને પ્રશ્ન બેંક મોકલવામાં આવશે જેના આધારે શાળા કક્ષાએથી પ્રશ્નો તૈયાર કરીને વિદ્યાર્થીઓનુ મુલ્યાંકન કરવાનુ રહેશે જેના આધારે વિદ્યાર્થીઓનો ડેટા પણ તૈયાર કરવામાં આવશે. શિક્ષણ બોર્ડ કક્ષાએથી શાળાઓને મળેલી સુચના મુજબ હવેથી એકમ કસોટીના સ્થાને પ્રશ્ન બેંક આધારિત મુલ્યાંકન કરવામાં આવશે. જયારે પ્રશ્ન બેંક આધારિત મુલ્યાંકન માટે જુન જુલાઈ માસના એકમો અભ્યાસક્રમ તરીકે રહેશે તેમ પણ જણાંવાયુ છે. જયારે પાઠયપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત પુસ્તકોના આધારે જ પ્રશ્નબેંકનુ આયોજન કરાશે પરંતુ એકબાજુ એકમ કસોટી રદ કરીને પ્રશ્નબેંક આધારિત મુલ્યાંકન અંગે નિર્ણય લેવાયો છે. ત્યારે પણ શાળાઓને પુસ્તકો ત્વરિત અસરથી પહોંચતા થાય તે પણ અનિવાર્ય હોવાનુ વાલીઓ અને વિદ્યાર્થીઓ જણાંવી રહ્યા છે. એકમ કસોટી રદ કરીને પ્રશ્ન બેંક આધારિત મુલ્યાંકન કરવાનો નિર્ણય પણ શૈક્ષણિક આલમમાં ચર્ચા સ્થાને છે.

ગાંધીનગર શહેરના સિનીયર સર્જન ડૉ. શરદ વ્યાસનું અવસાન

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરના સિનીયર સર્જન ડૉ. શરદ વ્યાસનું આજે કેલેફોર્નિયાની સ્કેરામેન્ટો સીટી ખાતે દુઃખદ અવસાન થયુ છે.

"મા" પ્રસુતિગૃહ સે. ૨૯ ખાતે રહેતા ડૉ. શરદ વ્યાસ સર્જરી ફેકલ્ટીના ડીન રહી ચુક્યા છે. તેમણે અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજમાં લાંબો સમય સુધી સેવાઓ આપી હતી. નિવૃત્તિ પછી તેમણે "૧૦૮"નું સંચાલન કરતી જીએમઈઆરએસના ડિરેક્ટર તરીકે પણ નોંધનીય પ્રદાન કર્યુ હતુ.

તેમણે સરદવની દેવાબાઈ જનરલ હોસ્પિટલના આધુનિકરણમાં પણ મહત્વનું યોગદાન આપ્યુ હતુ. તેઓએ સર્જરી ઉપરાંત એલ.એલ.એમ. તેમજ માસ્ટર ઓફ જર્નાલીઝમ પણ કર્યુ હતુ. અભ્યાસકાળ દરમ્યાન જ તેમણે અનેક ઉચ્ચતમ સિદ્ધિઓ મેળવી હતી.

ડૉ. શરદ વ્યાસ અમેરિકા ખાતે તેમની દિકરી અમીના ત્યાં ગયા હતા. તેમના પત્ની ડૉ. મુનિરાબેન વ્યાસ બીજી દિકરી ઋચિના ત્યાં સિડની હતા. આજે સવારે મોર્નિંગ વોક કરી પાછા ફર્યા બાદ બાપ-દિકરી સાથે ચા પીતા હતા ત્યાં જ હૃદયરોગનો હુમલો આવ્યો હતો અને દિકરી સમજે કંઈ પણ તે પહેલાં તેમનુ પ્રાણ પંખેરૂ ઉડી ગયુ હતુ.

ડૉ. શરદ વ્યાસના દુઃખદ અવસાનના સમાચાર ગાંધીનગર આવતાં જ તબીબી જગતમાં સન્નાટા સાથે શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. ડૉ. શરદ વ્યાસની તબીબ તરીકેની સેવાઓ નોંધનીય રહી છે.

ગાંધીનગર સમાચારના મેને. તંત્રી કૃષ્ણકાન્ત જહાએ સ્વ. ડૉ. શરદભાઈને શ્રદ્ધાંજલિ આપતાં જણાવ્યુ હતુ કે શરદભાઈ વ્યાસ સાથે સરદવથી થયેલો પરિચય ગાઢ મિત્રતામાં પરિવર્તીત થયો હતો.

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં પાણીની જરૂરિયા સંતોષવા માટે વર્ષે ૨૪ કરોડનો ખર્ચ સામે માત્ર ૪ કરોડની વેરા વસુલાત

નગરજનો પાણીનો ઉપયોગ કરવામાં દેશમાં સૌથી આગળ : નજીવો વેરો ચુકવવામાં પણ નિરસતા દાખવતા જોડાણકર્તાઓ સામે તંત્ર હવે કડક પગલા લેશે

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે સરકાર પ્રતિવર્ષ અંદાજિત ૨૪ કરોડનો ખર્ચ કરે છે. જયારે સમગ્ર દેશમાં નગરજનો સૌથી વધુ માથાદીઠ પાણીનો ઉપયોગ કરતા હોવાનુ પણ મનાઇ રહ્યુ છે. આમછતા પાણીના તોતિંગ ખર્ચ સામે પાણી વેરો ચુકવવામાં જોડાણકર્તાઓ ઉદાસીનતા સેવી રહ્યા છે જયારે પાણી વેરાના બાકીદારો સામે તંત્રએ કડક પગલા લેવાની તૈયારી પણ કરી લીધી છે. જેના અંતે વેરો નહીં ભરનારના જોડાણ પણ કટ કરવા સુધીના આકરા પગલા પણ લેવાશે તેમ પણ સુત્રો તરફથી માહીતી મળી રહી છે.

ગાંધીનગરમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટો ગરમીના દિવસોમાં પ્રતિદિન ૬૨ થી ૬૫ એમ એલ ડી સપ્લાય આપવામાં આવે છે. જયારે નર્મદાના પાણી ઉપરાંત સેકટરોના બોર પણ વધુ કલાક માટે કાર્યરત કરવામાં આવે છે. જયારે સમગ્ર દેશમાં માથાદીઠ સૌથી વધુ વપરાશ ગાંધીનગરઓ કરી રહ્યા હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. શહેરી વિસ્તારમાં માથાદીઠ પાણીના વપરાશની મર્યાદા ૧૪૦ લીટરની નિયત કરાઇ છે. પરંતુ શહેરમાં માથાદીઠ ૨૫૩ લીટર પાણી વપરાતુ હોવાનો અંદાજ છે જયારે સેકટરવાસીઓને પુરતુ પાણી સપ્લાય કરવા માટે સરકાર પ્રતિવર્ષ પાણી પાછળ અંદાજિત રૂ ૨૪ કરોડનો તોતિંગ ખર્ચ કરે છે. જેની સામે પાણી ગટર વેરાની વસુલાત મામલે પણ જોડાણકર્તાઓ ઉદાસીનતા સેવી રહ્યા છે. અલબત્ત પાણી માટે થતા તોતિંગ ખર્ચ સામે માંડ વેરા વસુલાત ઝુંબેશના અંતે ૪ કરોડનો વેરો ભરપાઇ થાય છે જયારે વેરા વસુલાતનુ આ નબળુ ચિત્ર દરવર્ષે તંત્ર માટે મુંઝવણનુ કારણ બને છે. જેને અનુલક્ષીને આ વર્ષે તંત્રએ પાણી વેરો નહીં ચુકવનારા

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com